# આ વર્ષે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે, 2025માં મેટ્રો અને 2026માં બુલેટ ટ્રેન દોડતી થઇ જશે

સુરતઃ વિકાસને રોકેટ ગતિએ આગળ વધારવા સુરત શહેર 7 ઘોડા પર સવાર થઈ ગયું છે. એક તરફ મેટ્રો નેટવર્ક, સિટી બસ સેવા, BRTS, ફ્રેટ કોરિડોર અને ઈન્ટરનેશનલ એરપોર્ટના આધુનિકરણ સાથે શહેર આગળ ધપી રહ્યું છે ત્ય... ગુડ્ઝ ઉત્પાદનો વગેરેમાં ક્રાંતિકારી બદલાવ જોવા મળશે. ખાસ કરીને હીરા અને કાપડ બાદ આજે કેમિકલ, રીઅલ એસ્ટેટ, એસઈઝેડ, પોર્ટ, એમ્બ્રોઈડરી, સ્ટાર્ટ અપ અને ઓનલાઈન બિઝનેસ પણ તેજ ગતિએ વિકસી રહ્યા છે. અ...

## 1 મેટ્રો : એલિવેટેડ કોરિડોર ડિસેમ્બર સુધીમાં પૂર્ણ થશે



સુરત મેટ્રો ટ્રેનના ડ્રીમ સિટીથી કાદરશાહ નાળ વચ્ચેના 11 કિમી એલિવેટેડ રૂટ અને લાઇન-1માં ચોકથી કાપોદ્રા વચ્ચે 6 કિમીના અંડરગ્રાઉન્ડ રૂટ પર કામ કરાયું હતું. પ્રોજેક્ટની શરૂઆત થઈ ગઈ છે, પરંતુ હવે આ પ્રોજેક્ટમાં પ્રાયોરિટી કોરિડોરની પસંદગી કરી છે. અર્થાત, આ કોરિડોરનું કામ પહેલા પૂર્ણ કરવામાં આવશે જેથી કરીને અહીં મેટ્રો રેલની ઓપરેશનલ ટ્રાયલ હાથ ધરવામાં આવી શકે. આ અંગે સૌ પ્રથમ લાઇન-1માં ડ્રીમ સિટીથી કાપોદ્રા સુધીની કુલ 18.66 કિમીની લાઇનનું કામ આ વર્ષે ડિસેમ્બર 2024 સુધીમાં પૂર્ણ કરવામાં આવશે. તેથી તેને પ્રાથમિકતા કોરિડોર તરીકે તૈયાર કરવામાં આવી રહ્યો છે. જેમાં 11 કિમી એલિવેટેડ અને લગભગ 7 કિમી ભૂગર્ભ કામનો સમાવેશ થાય છે, જેનું કામ ઝડપી ગતિએ થઈ રહ્યું છે.

Divya Bhaskar, Page-4 Surat
28/03/2024